
# ગુજરાતી



## ધોરણ-૬

દ્વિતિય સત્ર

## વાર્ષિક માસવાર આયોજન



વર્ષ – ૨૦૨૪/૨૫

આવા દરેક ધોરણના વિષયવાર આયોજન
શિક્ષણ સાગર એપ્લીકેશનમાં ઉપલબ્ધ છે.

## નવેમ્બર માસનું પાઠ આયોજન
## ૧૧. દૂર શું? નજીક શું?

**અધ્યયન નિષ્પતિ :**

G6.8.3 લયાત્મક કાવ્યગાન કરે છે.

G6.8.2 પઠન તથા ગાન માટે શ્વાસનિયમન કરે છે.

G6.3.4 સામગ્રીનું વિશ્લેષણ કરે છે.

G6.6.9 શબ્દસમૂહ માટે એક શબ્દનો ઉપયોગ કરે છે.

G6.3.5 સામગ્રી અંગે પૃચ્છા કરે છે.

G6.6.7 પારિભાષિક શબ્દોના અર્થ સંદર્ભના આધારે ઓળખે અને તારવે છે.

G6.4.4 વ્યક્તિગત અનુભવ. ઈતર વાંચન, જાણકારી, દલીલ-પ્રતિદલીલ અને વિચારણાની રજૂઆત કરે છે.

G6.6.2 શબ્દપરિવર્તન કરી વાક્યરચનાઓ નિપજાવે છે.

G6.4.5 શબ્દોનો ઉપયોગ કરી અર્થપૂર્ણ વાક્ય, સંવાદ, પરિચ્છેદની રચના કરે છે.

G6.4.3 ગધ /પધ/દૃશ્યાત્મક સામગ્રીને આધારે રજૂઆત કરે છે.

G6.9.1 ઘરે કે અન્ય સ્થળે મિત્રો સંબંધીઓ વચ્ચે ગીત, કાવ્યોનું ગાન કરે, વાર્તા અને રમૂજ કરે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

-કવિ વિશે જાણે

-કાવ્યગાન, ભાવસમજ

- સમૂહમાં અને વ્યક્તિગત ગાન

-શબ્દાર્થ ચર્ચા

-વાતચીત આધારિત પ્રશ્નોની સમજ

- પ્રાસવાળા શબ્દોની નોંધ

- નજીક નો અર્થ ધરાવતા વિકલ્પ સામે √ની નિશાની

- ખાલી જગ્યાઓ પુરવી

-પ્રશ્નોના જવાબ સમજો અને લખો

- પધમાંથી ગધમાં રૂપાંતર

-શબ્દને લાગુ પડતા બીજા શબ્દોની રચના કરો

-તો શું થાય? વિચારીને વિગતે લખો

-કૌંસમાં આપેલ શબ્દને પસંદ કરી ખાલી જગ્યા ભરો

-શબ્દ રચના કરો

-સૌથી નજીક હોય તે અર્થ સામે √ કરો

-ખોટા વિકલ્પો છે કે સાચું વાક્ય બનાવો

-સ્વાધ્યાય વિષયક ચર્ચા

**શૈક્ષણિક સાધન :**

-પાઠ્ય પુસ્તક

-મોબાઈલ / પ્રોજેક્ટર

-સંદર્ભ પુસ્તક

-સંગીતના સાધનો

**શિક્ષક વિદ્યાર્થીની પ્રવૃત્તિ :**

- વિદ્યાર્થીઓને કવિ 'ઉમાશંકર જોશી' દ્વારા લખાયેલ 'દૂર શું નજીક શું?' કાવ્યનું હાવ ભાવ સાથે ગાન કરાવીશ. ત્યારબાદ વિદ્યાર્થીઓને પણ આ કાવ્યનું સમૂહમાં અને વ્યક્તિગત ગાન કરાવીશ. આ કાવ્ય દ્વારા જીવનરૂપી યાત્રામાં સતત આગળ વધતા રહેવાની પ્રેરણાની સમજ વિદ્યાર્થીઓને આપીશ. કાવ્યના આધારે શબ્દાર્થની ચર્ચા કરી સમજાવીશ. શબ્દસમૂહ માટે એક શબ્દ લખાવીશ. વાતચીતના આધારે પ્રશ્નોના જવાબની ચર્ચા કરી સમજાવીશ. કાવ્ય વાંચીને પ્રાસવાળા શબ્દોની નોંધ કરાવી તેના આધારે વાક્યો બનાવડાવીશ. પ્રશ્નોના જવાબો ની ચર્ચા કરી વિદ્યાર્થીઓને સમજાવીશ. નજીક નો અર્થ ધરાવતા વિકલ્પ સામે √ની નિશાની કરાવીશ. કૌંસમાં આપેલ શબ્દો વડે ખાલી જગ્યાઓ પુરાવીશ. ફકરો વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબની ચર્ચા કરી સમજાવીશ. ઉદાહરણ મુજબ રેખાંકિત શબ્દ જવાબ તરીકે મળે તેવા પ્રશ્નો બનાવડાવીશ. વાક્યના અર્થને સ્પષ્ટ ન કરતા વિકલ્પ સામે X ની નિશાની કરાવીશ. પદ્યમાંથી ગદ્યમાં રૂપાંતર કરાવીશ. ખોટો વિકલ્પ છેકી સાચું વાક્ય બનાવડાવીશ. પ્રવૃત્તિ દ્વારા આ કાવ્ય જેવું બીજું કાવ્ય શોધીને વર્ગ સમક્ષ રજૂ કરીશ.

**પ્રવૃતિ / પ્રોજેક્ટ / પ્રયોગ :**

- આ કાવ્ય જેવું બીજું કાવ્ય શોધીવું

**મૂલ્યાંકન :**

-કાવ્ય કંઠસ્થ કરો.
-શબ્દાર્થ લખશે
-શબ્દસમૂહ માટે એક શબ્દ લખશે
-વાતચીત ની પ્રશ્નોત્તરી લખવી
-પ્રાસવાળા શબ્દોની નોંધ કરશે
-નજીક નો અર્થ ધરાવતા વિકલ્પ સામે √ની નિશાની લખશે
-ખાલી જગ્યાઓ લખશે
-પ્રશ્નોના જવાબ લખવા

## ડીસેમ્બર માસનું પાઠ આયોજન
## ૧૨. અપરાજેય

**અધ્યયન નિષ્પતિ :**

G6.3.4 સામગ્રીનું વિશ્લેષણ કરે છે.
G6.3.6 સામગ્રી વિષયક વિવેચનાત્મક ચિંતન કરે છે.
G6.6.3 શબ્દનું રૂપાંતર કરી અન્ય શબ્દ બનાવે.

G6.6.8 શબ્દભંડોળ સમૃદ્ધ કરવાની રમતો (શબ્દ ચાવી, શબ્દચોકઠાં, શબ્દચિત્ર, રાશિ પરથી નામ બનાવવાં વગેરે) રમે છે.
G6.6.9 શબ્દસમૂહ માટે એક શબ્દનો ઉપયોગ કરે છે.
G6.5.7 સામગ્રીમાંથી ભાષાસંરચનાની ક્ષતિઓ શોધી, સુધારી સામગ્રીનું પુનઃલેખન કરે છે.
G6.4.1 કવિતા કે વાર્તા સંવાદ (નાટિકા) સ્વરૂપે રજૂ કરે છે.
G6.3.5 સામગ્રી અંગે પૃચ્છા કરે છે.
G6.5.8 કોઈ એક વિચારને અર્થ બદલ્યા વગર જુદા શબ્દો અને જુદી વાક્યરચના દ્વારા અનેક રીતે રજૂ કરે છે.
G6.4.4 વ્યક્તિગત અનુભવ. ઈતર વાંચન, જાણકારી, દલીલ-પ્રતિદલીલ અને વિચારણાની રજૂઆત કરે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

-'અપરાજેય' એકમનું આદર્શ વાંચન તથા સમજ
- અભિમન્યુની વીરતા વિશેની સમજ
-વ્યક્તિગત વાંચન પ્રવૃત્તિ
-શબ્દાર્થ, રૂઢિપ્રયોગ, શબ્દસમૂહના મુદ્દાની ચર્ચા
-વાતચીતના પ્રશ્નોની સમજ
-ખરા વિધાન સામે ✓ અને ખોટા વિધાન સામે × ની નિશાની
-પ્રશ્નોના સમજપૂર્વક જવાબ આપો
-વાર્તાના શબ્દનો અર્થ ધારી ✓ની નિશાની
- શબ્દો માટેના અર્થમાંથી યોગ્ય અર્થ સામે ખરાની નિશાની
-ખાલી જગ્યા ભરો.
- વાર્તા વાંચી તેના આધારે આપેલી પ્રવૃત્તિ
- વાક્યોને ઘટના ક્રમ મુજબ લેખન
- જોડીકાર્ય
- દલીલ કરાવતી પ્રવૃત્તિ

**શૈક્ષણિક સાધન :**

-પાઠ્ય પુસ્તક
-મહાભારતના સીનના વિડીયો
-મોબાઈલ / પ્રોજેક્ટર
-સંદર્ભ પુસ્તક

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

- વિદ્યાર્થીઓને 'ધ્રુવ ભટ્ટ' દ્વારા લખાયેલ 'અપરાજેય' એકમની સમજ આપીશ. આ એકમ દ્વારા વિદ્યાર્થીઓને અભિમન્યુની વીરતા વિશેની સમજ આપીશ. પાઠનું વાંચન કરી પાઠની સંપૂર્ણ સમજ

વિદ્યાર્થીઓને આપીશ. ત્યારબાદ શબ્દાર્થની ચર્ચા કરી તેની સમજ આપીશ. રૂઢિપ્રયોગોના અર્થ વિદ્યાર્થીઓને સમજાવીશ. શબ્દસમૂહ માટે એક શબ્દ લખાવીશ. વાતચીતના આધારે પ્રશ્નોના જવાબોની ચર્ચા કરી સમજાવીશ. 'તેરમા દિવસે સવારે........આનંદ લાંબો સમય ન ટક્યો' સુધી વંચાવી ખરા વિધાન સામે ✓ અને ખોટા વિધાન સામે × ની નિશાની કરાવીશ. કૌંસમાં આપેલા પાત્ર કયા વિધાન સામે લાગુ પડે છે તે કોષ્ટકમાં લખાવીશ. વાર્તાના શબ્દનો અર્થ ધારી ✓ની નિશાની કરાવીશ. કૌંસમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પુરાવીશ. આપેલા શબ્દો માટેના અર્થમાંથી યોગ્ય અર્થ સામે ખરાની નિશાની કરાવીશ. વાર્તા વાંચી તેના આધારે આપેલી પ્રવૃત્તિ કરાવીશ. વાક્યોને ઘટના ક્રમ મુજબ ગોઠવી વચ્ચે કોઈ એક ઘટના ઉમેરી વિદ્યાર્થીઓને સમજ આપીશ. પ્રશ્નોના જવાબની ચર્ચા કરી તેની સમજ આપી આપેલા પાત્રો ના આધારે ટૂંકનોંધની સમજ આપી લખાવીશ. વાક્યોમાંનો રેખાંકિત શબ્દ ધ્યાનથી જોઈનો ઉપયોગ કરી નવું વાક્ય બનાવીશ. વેરવિખેર થઈ ગયેલા શબ્દોની વ્યૂહરચના ફરી કરી નવું વાક્ય સાચું બનાવી જોડીકાર્ય કરાવીશ. વિદ્યાર્થીઓને બે જૂથમાં વિભાજીત કરી એક જૂથમાં 'યુદ્ધ કરવું જરૂરી છે' અને 'યુદ્ધ કરવું જરૂરી નથી' તેમ વિદ્યાર્થીઓને દલીલ કરાવતી પ્રવૃત્તિ કરાવીશ.

**પ્રવૃતિ / પ્રોજેક્ટ / પ્રયોગ :**

- યુદ્ધ કરવું જરૂરી છે' અને 'યુદ્ધ કરવું જરૂરી નથી' દલીલ કરાવતી પ્રવૃત્તિ
-શબ્દસમૂહ અને રૂઢીપ્રયોગ ચાર્ટ બનાવીએ.

**મૂલ્યાંકન :**

-પાઠનું વાંચન કરશે
-શબ્દાર્થ લખશે
-રૂઢીપ્રયોગ અને શબ્દસમૂહ માટે એક શબ્દ લખશે
-વાતચીત ની પ્રશ્નોત્તરી લખવી
- ખરા વિધાન સામે ✓ અને ખોટા વિધાન સામે × ની નિશાની કરશે
- ખાલી જગ્યા પુરશે
- શબ્દો માટેના અર્થમાંથી યોગ્ય અર્થ સામે ખરાની નિશાની કરશે
- પ્રશ્નોના જવાબની ચર્ચા કરશે

- આપેલા પાત્રો ના આધારે ટૂંકનોંધની સમજ આપશે

**ડીસેમ્બર માસનું પાઠ આયોજન**
**૧૩. પરોપકારી મનુષ્યો**

**અધ્યયન નિષ્પતિ :**

G6.3.4 સામગ્રીનું વિશ્લેષણ કરે છે.

G6.3.6 સામગ્રી વિષયક વિવેચનાત્મક ચિંતન કરે છે.

G6.6.3 શબ્દનું રૂપાંતર કરી અન્ય શબ્દ બનાવે.

G6.6.8 શબ્દભંડોળ સમૃદ્ધ કરવાની રમતો (શબ્દ ચાવી, શબ્દચોકઠાં, શબ્દચિત્ર, રાશિ પરથી નામ બનાવવાં વગેરે) રમે છે.

G6.3.5 સામગ્રી અંગે પૃચ્છા કરે છે.

G6.5.8 કોઈ એક વિચારને અર્થ બદલ્યા વગર જુદા શબ્દો અને જુદી વાક્યરચના દ્વારા અનેક રીતે રજૂ કરે છે.

G6.5.1 અગાઉ શીખી ગયેલા, ભાષા રચનાના બેથી વધારે ઘટકોનો ઉપયોગ કરી વાક્યરચના કરે છે

G6.8.7 મનોશારીરિક ક્રિયાઓ વડે મસ્તિષ્ક વિકાસ (બ્રેઇન ડેવલપમેન્ટ) ની પ્રવૃત્તિ કરે.

**શૈક્ષણિક મુદા :**

-કેળવણીકાર ગીજુભાઇ બધેકાની માહિતી

-ચોમાસાનું સૃષ્ટિ સૌંદર્ય

-વરસાદ, વીજળી, મેઘધનુષ્ય વિશે ચર્ચા

-શબ્દાર્થ

-વાતચીત આધારિત પ્રશ્નોની સમજ

- શબ્દ સમૂહની પ્રવૃત્તિ જોડીકાર્ય

- પ્રશ્નોના જવાબો ની ચર્ચા

- ચોમાસના ચિત્રો નથી ગમતું એક દ્રશ્યનું ચિત્ર દોરવું

- યોગ્ય વિકલ્પ પસંદ કરવા

- ખાલી જગ્યા પુરવી

- ક્રિયા વિશેષણ

- શું કરવું ગમે અને શું ન ગમે એની ચર્ચા કરી પ્રવૃત્તિ

**શૈક્ષણિક સાધન :**

-પાઠ્ય પુસ્તક

-મોબાઇલ / પ્રોજેક્ટર

-સંદર્ભ પુસ્તક

-હાસ્યવાર્તા પુસ્તક

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

- વિદ્યાર્થીઓને 'પરોપકારી મનુષ્યો' આ એકમ દ્વારા 'રમણભાઈ નીલકંઠ' લેખકની માહિતી આપીશ. આ હાસ્ય નિબંધ કહેવાતા 'પરોપકારી મનુષ્યો' એકમની વિદ્યાર્થીઓને વાંચીને તેની

સમજ આપીશ. ત્યારબાદ શબ્દાર્થની ચર્ચા કરી સમજ આપીશ. રૂઢિપ્રયોગોના અર્થની ચર્ચા કરીશ શબ્દસમૂહ માટે એક શબ્દની ચર્ચા કરી લખાવીશ. વાતચીતના આધારે પ્રશ્નોના જવાબની ચર્ચા કરી વિદ્યાર્થીઓને સમજ આપીશ. પાઠના આધારે સલાહકાર અને સલાહના જોડકા યોગ્ય રીતે સમજ આપી જોડાવીશ. સ્ત્રીલિંગ કરવાથી કદસૂચક, વહાલસૂચક અને કોમળતાસૂચક બનતા હોય તેવા બીજા શબ્દો વિશે લખાવડાવીશ. આપેલા શબ્દો પરથી રમૂજી વાક્યો બનાવડાવીશ. પ્રશ્નોના જવાબની ચર્ચા કરી વિદ્યાર્થીઓને સમજ આપીશ. કૌંસમાં આપેલ શબ્દને યોગ્ય સ્વરૂપ આપી ઉદાહરણ મુજબ ખાલી જગ્યા પુરાવીશ. લીટી કરેલા શબ્દો આડાઅવળા મુકાઈ ગયા છે તેમને યોગ્ય વાક્યમાં ગોઠવડાવીશ. હાસ્ય વાર્તાઓ એકઠી કરીને તેને અંક બનાવવાની પ્રવૃત્તિ કરાવીશ.

**પ્રવૃતિ / પ્રોજેક્ટ / પ્રયોગ :**

- હાસ્યવાર્તાઓનો અંક બનાવવાની પ્રવુત્તિ

**મૂલ્યાંકન :**

-પાઠનું વાંચન કરશે
-શબ્દાર્થ લખશે
-રૂઢીપ્રયોગ અને શબ્દસમૂહ માટે એક શબ્દ લખશે
-વાતચીત ની પ્રશ્નોત્તરી લખવી
- જોડકા યોગ્ય રીતે સમજ આપી જોડશે
- ઉદાહરણ મુજબ ખાલી જગ્યા પુરશે
- યોગ્ય વાક્યમાં ગોઠવશે
-પ્રશ્નોના જવાબ લખશે
- અંક બનાવવાની પ્રવૃત્તિ કરશે

**જાન્યુઆરી માસનું પાઠ આયોજન**
**૧૪. એક ઇડરનો વાણીયો**

**અધ્યયન નિષ્પતિ :**

G6.2.3 વિગતોને જરૂરિયાત અનુસાર પ્રયોજે છે.
G6.8.3 લયાત્મક કાવ્યગાન કરે છે.
G6.8.2 પઠન તથા ગાન માટે શ્વાસનિયમન કરે છે.
G6.6.3 શબ્દનું રૂપાંતર કરી અન્ય શબ્દ બનાવે.
G6.3.5 સામગ્રી અંગે પૃચ્છા કરે છે.
G6.5.7 સામગ્રીમાંથી ભાષાસંરચનાની ક્ષતિઓ શોધી, સુધારી સામગ્રીનું પુનઃલેખન કરે છે.

G6.4.3 ગધ /પધ/દૃશ્યાત્મક સામગ્રીને આધારે રજૂઆત કરે છે.
G6.4.1 કવિતા કે વાર્તા સંવાદ (નાટિકા) સ્વરૂપે રજૂ કરે છે.
G6.5.6 વ્યક્તિવાચક, સમૂહવાચક, જાતિવાચક, દ્રવ્યવાચક અને ભાવવાચક નામ ઓળખાવે અને માગ્યા પ્રમાણે ઉપયોગ કરે છે.
G6.9.5 છાપાં, મૅગેઝિન, ટી.વી, મોબાઇલ વગેરેમાં પ્રયોજાતી ભાષાઓ અને વિષયવસ્તુને માણે છે.
G6.8.7 મનોશારીરિક ક્રિયાઓ વડે મસ્તિષ્ક વિકાસ (બ્રેઇન ડેવલપમેન્ટ) ની પ્રવૃત્તિ કરે.

**શૈક્ષણિક મુદ્દા :**

-‘રમણલાલ સોની’ ની માહિતી
- કવિતાનું ગાન
- કાવ્યનું સમૂહમાં તેમજ વ્યક્તિગત ગાન
-શબ્દાર્થ ચર્ચા
-વાતચીત આધારિત પ્રશ્નોની સમજ
- ખરા – ખોટા કરવા
- કૌંસમાં આપેલા શબ્દોનો ઉપયોગ કરી વાર્તા
- પુસ્તક મેળાની જાહેરાત
-પ્રશ્નોના જવાબ સમજો અને લખો
- અંક બનાવવાની પ્રવૃત્તિ

**શૈક્ષણિક સાધન :**

-પાઠ્ય પુસ્તક
-મોબાઈલ / પ્રોજેક્ટર
-સંદર્ભ પુસ્તક
- ચાર્ટ્સ, કાગળ (અંક બનાવવા)
- સંગીતના સાધનો

**શિક્ષક વિધાર્થિની પ્રવૃત્તિ :**

-વિધાર્થીઓને ‘એક ઈડરનો વાણિયો’ કાવ્ય દ્વારા ‘રમણલાલ સોની’ ની માહિતી આપીશ. આ કવિતાનું ગાન કરાવી વિધાર્થીઓને તેની સમજ આપીશ. વિધાર્થીઓને કાવ્યનું સમૂહમાં તેમજ વ્યક્તિગત ગાન કરાવીશ. ત્યારબાદ શબ્દાર્થ ની ચર્ચા કરી વિધાર્થીઓને લખાવીશ. વાતચીત દ્વારા પ્રશ્નોના જવાબની ચર્ચા કરી સમજ આપીશ. કાવ્યના આધારે આપેલા વાક્યો ખરા છે કે ખોટા તે જણાવીશ. પ્રશ્નોના જવાબની ચર્ચા કરી તેની સમજ આપીશ. આપેલા વાક્યો જેવો અર્થ ધરાવતી કાવ્યપંક્તિ કવિતામાંથી શોધીને લખાવીશ. કૌંસમાં આપેલા શબ્દોનો ઉપયોગ કરી વાર્તા લખાવીશ. કૌંસમાં આપેલા

વ્યક્તિવાચક, જાતિવાચક, સમૂહવાચક, દ્રવ્યવાચક અને ભાવવાચક શબ્દોનો ઉપયોગ કરી કોષ્ટકમાં યોગ્ય રીતે લખાવીશ. પાઠ્યપુસ્તકમાં આપેલી પુસ્તક મેળાની જાહેરાત વાંચી પ્રશ્નોના જવાબની ચર્ચા કરી તેની સમજ આપીશ. તમારા વિસ્તારના અથવા તમે જાણતા હોય એવા બહાદુર વ્યક્તિઓની માહિતી ભેગી કરીને અંક બનાવવાની પ્રવૃત્તિ કરાવીશ.

**પ્રવૃતિ / પ્રોજેકટ / પ્રયોગ :**

- તમારા વિસ્તારના અથવા તમે જાણતા હોય એવા બહાદુર વ્યક્તિઓની માહિતી ભેગી કરીને અંક બનાવવાની પ્રવૃત્તિ

**મૂલ્યાંકન :**

-કાવ્ય કંઠસ્થ કરો.
-શબ્દાર્થ લખશે
-વાતચીત ની પ્રશ્નોત્તરી લખવી
- ખરા છે કે ખોટા લખશે
- કૌંસમાં આપેલા શબ્દોનો ઉપયોગ કરી વાર્તા લખશે
- પુસ્તક મેળાની જાહેરાત વાંચી પ્રશ્નોના જવાબ લખશે
-પ્રશ્નોના જવાબ લખશે
- અંક બનાવવાની પ્રવૃત્તિ કરશે

**જાન્યુઆરી માસનું પાઠ આયોજન**
**૧૫. બે રૂપિયા**

**અધ્યયન નિષ્પતિ :**

G6.2.3 વિગતોને જરૂરિયાત અનુસાર પ્રયોજે છે.
G6.4.6 દૃશ્યાત્મક સામગ્રીનું વર્ણન કરે છે.
G6.1.2 પરિચ્છેદનું શબ્દાર્થ ઓછામાં ઓછી પ્રતિ મિનિટના 60 + શબ્દોની ઝડપથી સ્પષ્ટ ઉચ્ચારથી કરે છે.
G6.6.3 શબ્દનું રૂપાંતર કરી અન્ય શબ્દ બનાવે.
G6.6.8 શબ્દભંડોળ સમૃદ્ધ કરવાની રમતો (શબ્દ ચાવી, શબ્દચોકઠાં, શબ્દચિત્ર, રાશિ પરથી નામ બનાવવાં વગેરે) રમે છે.
G6.3.4 સામગ્રીનું વિશ્લેષણ કરે છે.
G6.7.6 પોતાના અનુભવો અને ભાવાત્મક ઘટના/પાત્રોનું અનુસંધાન કરે છે.
G6.4.5 શબ્દોનો ઉપયોગ કરી અર્થપૂર્ણ વાક્ય, સંવાદ, પરિચ્છેદની રચના કરે છે.
G6.3.5 સામગ્રી અંગે પૃચ્છા કરે છે.

G6.4.1 કવિતા કે વાર્તા સંવાદ (નાટિકા) સ્વરૂપે રજૂ કરે છે.
G6.5.7 સામગ્રીમાંથી ભાષાસંરચનાની ક્ષતિઓ શોધી, સુધારી સામગ્રીનું પુનઃલેખન કરે છે.
G6.8.7 મનોશારીરિક ક્રિયાઓ વડે મસ્તિષ્ક વિકાસ (બ્રેઇન ડેવલપમેન્ટ) ની પ્રવૃત્તિ કરે.
G6.5.2 સાદાં અને સંયુક્ત ક્રિયાપદોનો ત્રણેય(ભૂત, ભવિષ્ય અને વર્તમાન) અને મિશ્રકાળના સંદર્ભે ઉપયોગ કરે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

- લેખક 'વિનોદીની નીલકંઠ'ની માહિતી
-પાઠનું વાંચન
-પાઠની સમજ
-શબ્દાર્થ ચર્ચા
- રૂઢીપ્રયોગ અને શબ્દસમૂહની સમજ
-વાતચીત આધારિત પ્રશ્નોની સમજ
- આપેલા પાત્રો દ્વારા બોલાયેલા બે-બે વાક્યો પાઠમાંથી શોધવા
- ઉદાહરણ મુજબ બીજા શબ્દો લખી વાક્યો લખાવવા
-'બે રૂપિયા' વાર્તા દ્વારા પોતાના શબ્દોમાં 15 થી 20 લીટીનું લેખન
-પ્રશ્નોના જવાબ સમજવા
- ઉ.દા. મુજબ સમય અને કાળનું લેખન

**શૈક્ષણિક સાધન :**

-પાઠ્ય પુસ્તક
-મોબાઈલ / પ્રોજેક્ટર
-સંદર્ભ પુસ્તક
-પર્યટન સ્થળોના વિડીયો
-ખોયાપાયા બોક્ષ

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

- વિદ્યાર્થીઓને 'બે રૂપિયા' આ એકમના લેખક 'વિનોદીની નીલકંઠ'ની માહિતી આપીશ. આ વાર્તા દ્વારા વિદ્યાર્થીઓને આનંદીની સ્વસન્માનની ભાવના અને પ્રમાણિતતાનું સુંદર વર્ણન કરીશ. પાઠનું વાંચન કરાવી સમજ આપીશ. વિદ્યાર્થીઓને શબ્દાર્થની ચર્ચા કરી સમજ આપીશ. રૂઢિપ્રયોગોના અર્થ ચર્ચા કરી લખાવીશ. શબ્દસમૂહ માટે એક શબ્દની સમજ આપીશ. વાતચીતના આધારે પ્રશ્નોના જવાબની ચર્ચા કરી લખાવીશ. પાઠ્યપુસ્તકમાં આપેલા વાક્યો કોણ બોલી શકે? તેની વિદ્યાર્થીઓને સમજ આપીશ. પાઠ્યપુસ્તકમાં આપેલા પાત્રો દ્વારા બોલાયેલા બે-બે વાક્યો

પાઠમાંથી શોધીને વિદ્યાર્થીઓને લખાવીશ. વિરામચિન્હોનો ઉપયોગ થયો હોય તેવું એક-એક વાક્ય પાઠમાંથી શોધીને લખાવીશ. પાઠ્યપુસ્તકમાં ઉદાહરણ મુજબ બીજા શબ્દો લખી વાક્યો બનાવીને લખાવીશ. ટુકડા થયેલા વાક્યોને ભેગા કરી અર્થપૂર્ણ વાક્ય બનાવી કોષ્ટકમાં લખાવડાવીશ. પ્રશ્નોના જવાબની ચર્ચા કરી તેની સમજ આપીશ. વિદ્યાર્થીઓએ પોતે કરેલા પ્રવાસનું વર્ણન કરતો પત્ર તેમના મિત્રને લખાવીશ. 'બે રૂપિયા' વાર્તા દ્વારા વિદ્યાર્થીઓને પોતાના શબ્દોમાં 15 થી 20 લીટી લખાવીશ. જેટલા વિકલ્પ યોગ્ય લાગે તે દરેકની આગળ √ ની નિશાની કરાવીશ. ઉ.દા. મુજબ સમય અને કાળ ની ચર્ચા કરી લેખન કરાવીશ. વિદ્યાર્થીઓને આપની શાળામાં રહેલ 'ખોયાપાયા' ના ઉપયોગ અને તેનાથી થતા ફાયદાની ચર્ચાસભા કરી પ્રવૃત્તિ કરાવીશ. ભાષાસજ્જતા માં આપેલ ક્રિયાપદની ચર્ચા કરી તેની સમજ આપીશ.

**પ્રવૃતિ / પ્રોજેક્ટ / પ્રયોગ :**

- ખોયાપાયા' ના ઉપયોગ અને તેનાથી થતા ફાયદાની ચર્ચાસભા કરી પ્રવૃત્તિ કરવી

**મૂલ્યાંકન :**

-પાઠનું વાંચન કરશે
-શબ્દાર્થ લખશે
-રૂઢીપ્રયોગ અને શબ્દસમૂહ માટે એક શબ્દ લખશે
-વાતચીત ની પ્રશ્નોત્તરી લખવી
- આપેલા પાત્રો દ્વારા બોલાયેલા બે-બે વાક્યો પાઠમાંથી શોધીને લખશે
- ઉદાહરણ મુજબ બીજા શબ્દો લખી વાક્યો બનાવીને લખશે
-'બે રૂપિયા' વાર્તા દ્વારા પોતાના શબ્દોમાં 15 થી 20 લીટી લખશે
- ઉ.દા. મુજબ સમય અને કાળ લખશે
-પ્રશ્નોના જવાબ લખવા

## ફેબ્રુઆરી માસનું પાઠ આયોજન
## ૧૬. શેરીએ આવે સાદ

**અધ્યયન નિષ્પતિ :**

G6.2.3 વિગતોને જરૂરિયાત અનુસાર પ્રયોજે છે.
G6.3.5 સામગ્રી અંગે પૃચ્છા કરે છે.
G6.5.7 સામગ્રીમાંથી ભાષાસંરચનાની ક્ષતિઓ શોધી, સુધારી સામગ્રીનું પુનઃલેખન કરે છે.

G6.4.3 ગધ /પધ/દૃશ્યાત્મક સામગ્રીને આધારે રજૂઆત કરે છે.
G6.6.2 શબ્દપરિવર્તન કરી વાક્યરચનાઓ નિપજાવે છે.
G6.5.1 અગાઉ શીખી ગયેલા, ભાષા રચનાના બેથી વધારે ઘટકોનો ઉપયોગ કરી વાક્યરચના કરે છે
G6.8.7 મનોશારીરિક ક્રિયાઓ વડે મસ્તિષ્ક વિકાસ (બ્રેઇન ડેવલપમેન્ટ) ની પ્રવૃત્તિ કરે.
G6.1.2 પરિચ્છેદનું વાંચન ઓછામાં ઓછી પ્રતિ મિનિટના 60 + શબ્દોની ઝડપથી સ્પષ્ટ ઉચ્ચારથી કરે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

- કવિ ‘રાજેન્દ્ર શાહ’ની માહિતી
- કવિતાનું ગાન
- કાવ્યનું સમૂહમાં તેમજ વ્યક્તિગત ગાન
-શબ્દાર્થ ચર્ચા
-વાતચીત આધારિત પ્રશ્નોની સમજ
-પ્રશ્નોના જવાબ સમજો અને લખો
-કાવ્યના આધારે સાચું કે ખોટું લખાવી ખોટું વાક્ય સુધારવું
- કવિતાના આધારે નજીકનો અર્થ ધારી અને √ નું ચિન્હ કરવું
- ખાલી જગ્યા લખવી
- પોતે કરેલા પર્યટનના અનુભવ વિશે આઠ-દસ વાક્યો બોલવા
-‘પ્રકૃતિકાવ્યો’ પુસ્તકાલયમાંથી મેળવી વાંચન

**શૈક્ષણિક સાધન :**

-પાઠ્ય પુસ્તક
-મોબાઈલ / પ્રોજેક્ટર
-સંદર્ભ પુસ્તક
- સંગીતના સાધનો
- પ્રકૃતિકાવ્યો પુસ્તક

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

- વિદ્યાર્થીઓને ‘શેરીએ આવે સાદ’ કાવ્યના કવિ ‘રાજેન્દ્ર શાહ’ની માહિતી આપીશ. વિદ્યાર્થીઓને આ કાવ્યમાં બાળકમાં રહેલા કુતુહલ અને સાહસના ભાવોની સમજ આપીશ. કાવ્યના આધારે શબ્દાર્થની ચર્ચા કરી લેખન કરાવીશ. વાતચીતના આધારે પ્રશ્નોના જવાબોની ચર્ચા કરી લખાવીશ. કવિતામાં ન આવતા હોય તેવા શબ્દ કે શબ્દજૂથ પર છેકો કરાવીશ. કાવ્યના આધારે સાચું કે ખોટું લખાવી ખોટું વાક્ય સુધારીને ફરીથી લખાવીશ. ગધમાંથી પધમાં અને પધમાંથી ગધમાં રૂપાંતર કરી કોષ્ટક ભરાવીશ. કવિતાના આધારે નજીકનો અર્થ ધારી અને √ નું ચિન્હ કરાવીશ. ઘાટા અક્ષરના શબ્દો માટે

કાવ્યમાં વપરાયેલા શબ્દો ખાલી જગ્યામાં લખાવીશ. પ્રશ્નોના જવાબની ચર્ચા કરી તેની સમજ આપીશ. વિદ્યાર્થીઓએ પોતે કરેલા પર્યટનના અનુભવ વિશે આઠ-દસ વાક્યો લખાવીશ. પાઠ્યપુસ્તકમાં આપેલી કવિતા પરથી પ્રશ્નોના જવાબોની ચર્ચા કરી લખાવીશ. વિદ્યાર્થીઓને 'પ્રકૃતિકાવ્યો' પુસ્તકાલયમાંથી મેળવી વંચાવાની પ્રવૃત્તિ કરાવીશ. રાજેન્દ્ર શાહનો કાવ્યસંગ્રહ 'ધ્વનિ' ને શોધીને એના ગીતો/કાવ્યો વિદ્યાર્થીઓને વંચાવીશ.

**પ્રવૃતિ / પ્રોજેક્ટ / પ્રયોગ :**

- 'પ્રકૃતિકાવ્યો' પુસ્તકાલયમાંથી મેળવી વંચાવાની પ્રવૃત્તિ
- રાજેન્દ્ર શાહનો કાવ્યસંગ્રહ 'ધ્વનિ' ને શોધીને એના ગીતો/કાવ્યો વિદ્યાર્થીઓને વંચાવાની પ્રવૃત્તિ

**મૂલ્યાંકન :**

-કાવ્ય કંઠસ્થ કરો.
-શબ્દાર્થ લખશે
-વાતચીત ની પ્રશ્નોત્તરી લખવી
-કવિતામાં ન આવતા હોય તેવા શબ્દ કે શબ્દજૂથ પર છેકો કરશે
- કાવ્યના આધારે સાચું કે ખોટું લખાવી ખોટું વાક્ય સુધારીને લખશે
- કવિતાના આધારે નજીકનો અર્થ ધારી અને √ નું ચિન્હ કરશે
- ખાલી જગ્યા લખશે
- પોતે કરેલા પર્યટનના અનુભવ વિશે આઠ-દસ વાક્યો લખશે
-પ્રશ્નોના જવાબ લખવા
-'પ્રકૃતિકાવ્યો' પુસ્તકાલયમાંથી મેળવી વાંચશે

## ફેબ્રુઆરી માસનું પાઠ આયોજન
## ૧૭. સાપુતારાનો પ્રવાસ

**અધ્યયન નિષ્પતિ :**

G6.2.3 વિગતોને જરૂરિયાત અનુસાર પ્રયોજે છે.
G6.2.1 જરૂરી વિગતો શોધે છે.
G6.6.3 શબ્દનું રૂપાંતર કરી અન્ય શબ્દ બનાવે.
G6.6.9 શબ્દસમૂહ માટે એક શબ્દનો ઉપયોગ કરે છે.
G6.3.5 સામગ્રી અંગે પૃચ્છા કરે છે.
G6.4.5 શબ્દોનો ઉપયોગ કરી અર્થપૂર્ણ વાક્ય, સંવાદ, પરિચ્છેદની રચના કરે છે.
G6.6.8 શબ્દભંડોળ સમૃદ્ધ કરવાની રમતો (શબ્દ ચાવી, શબ્દચોકઠાં,

શબ્દચિત્ર, રાશિ પરથી નામ બનાવવાં વગેરે) રમે છે.

G6.1.1 વાક્યો, પરિચ્છેદનું સુ-શ્રુતલેખન (સારા અક્ષરથી શ્રુતલેખન) કરે છે.

G6.5.1 અગાઉ શીખી ગયેલા, ભાષા રચનાના બેથી વધારે ઘટકોનો ઉપયોગ કરી વાક્યરચના કરે છે

G6.8.7 મનોશારીરિક ક્રિયાઓ વડે મસ્તિષ્ક વિકાસ (બ્રેઇન ડેવલપમેન્ટ) ની પ્રવૃત્તિ કરે.

**શૈક્ષણિક મુદ્દા :**

- લેખક 'રતિલાલ નાયક'ની માહિતી
- સાપુતારાના પ્રવાસ વિશે રસપ્રદ માહિતી
- પ્રવાસ કરતી વખતે શું શું ધ્યાન રાખવું

-શબ્દાર્થ ચર્ચા

-શબ્દ સમૂહ માટે એક શબ્દ

-વાતચીત આધારિત પ્રશ્નોની સમજ

- પ્રશ્નોના જવાબોની ચર્ચા
- ઉદાહરણ મુજબના શબ્દો શોધવા
- કાકાસાહેબ કાલેલકર, ભોળાભાઈ પટેલ, કલાપી સાહિત્યકારના પુસ્તકોનું વાંચન
- પ્રવાસથી થતા ફાયદા વિશે વર્ગમાં વકતૃત્વ સ્પર્ધા ની પ્રવૃત્તિ
- નવા શબ્દો, અઘરાં શબ્દો ના કાર્ડ

**શૈક્ષણિક સાધન :**

-પાઠ્ય પુસ્તક

-મોબાઈલ / પ્રોજેક્ટર

- સાપુતારા જોવાલાયક સ્થળોનો વિડીયો
- કાકાસાહેબ કાલેલકર, ભોળાભાઈ પટેલ, કલાપીના પુસ્તકો

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

- વિદ્યાર્થીઓને 'સાપુતારાનો પ્રવાસ' એકમના લેખક 'રતિલાલ નાયક'ની માહિતી આપીશ. આ એકમમાંથી વિદ્યાર્થીઓને સાપુતારાના પ્રવાસ વિશે રસપ્રદ માહિતી અને પ્રવાસ કરતી વખતે શું શું ધ્યાન રાખવું તે જણાવીશ. ત્યારબાદ વિદ્યાર્થીઓને શબ્દાર્થની ચર્ચા કરી સમજ આપીશ. શબ્દસમૂહ માટે એક શબ્દની સમજ આપીશ. વાતચીત દ્વારા પ્રશ્નોની ચર્ચા કરી સમજ આપીશ. પાઠ્યપુસ્તકમાં આપેલ પ્રશ્નોના જવાબોની ચર્ચા કરી વિદ્યાર્થીઓને લખાવીશ. ઉદાહરણ મુજબના શબ્દો શોધી લખાવીશ. પાઠ્યપુસ્તકમાં આપેલ ઉદાહરણ મુજબ વિરોધી શબ્દો શોધી તે શબ્દને અંતે 'તા' અનુગ આવતો હોય તે રીતે લખાવીશ. શબ્દ એક અર્થ અનેક

ઉદાહરણ દ્વારા બીજા શબ્દો શોધાવીશ. પાઠ્યપુસ્તકમાં આપેલા વાક્યોને ઘટના ક્રમમાં ગોઠવી લખાવીશ. પાઠ્યપુસ્તકમાં આપેલા મુદ્દાઓને આધારે તમે કરેલા પ્રવાસનું વર્ણન કરાવીશ. કાકાસાહેબ કાલેલકર, ભોળાભાઈ પટેલ, કલાપી જેવા સાહિત્યકારના પ્રવાસ વર્ણન ના પુસ્તકો શાળાની લાઇબ્રેરીમાંથી શોધી વંચાવીશ. પ્રવાસથી થતા ફાયદા વિશે વર્ગમાં વકતૃત્વ સ્પર્ધા ની પ્રવૃત્તિ કરાવીશ.

**પ્રવૃતિ / પ્રોજેક્ટ / પ્રયોગ :**

- કાકાસાહેબ કાલેલકર, ભોળાભાઈ પટેલ, કલાપી જેવા સાહિત્યકારના પ્રવાસ વર્ણન ના પુસ્તકો શાળાની લાઇબ્રેરીમાંથી શોધી વાંચવાની
- પ્રવાસથી થતા ફાયદા વિશે વર્ગમાં વકતૃત્વ સ્પર્ધા ની પ્રવૃત્તિ

-નવા શબ્દો, અઘરાં શબ્દો ના કાર્ડ બનાવવા

**મૂલ્યાંકન :**

-પાઠનું વાંચન કરશે

-શબ્દાર્થ લખવા

-શબ્દ સમૂહ માટે એક શબ્દ લખશે

-વાતચીત ની પ્રશ્નોત્તરી લખવી

-પ્રશ્નોના જવાબ લખવા

- ઉદાહરણ મુજબના શબ્દો શોધી લખશે
- પાઠ્યપુસ્તકમાં આપેલ ઉદાહરણ મુજબ વિરોધી શબ્દો શોધી તે શબ્દને અંતે 'તા' અનુગ આવતો હોય તે રીતે લખશે
- શબ્દ એક અર્થ અનેક ઉદાહરણ દ્વારા બીજા શબ્દો શોધી લખશે
- પાઠ્યપુસ્તકમાં આપેલા વાક્યોને ઘટના ક્રમમાં ગોઠવી લખશે
- પોતે કરેલા પ્રવાસનું વર્ણન કરશે
- પ્રવાસથી થતા ફાયદા વિશે વર્ગમાં વકતૃત્વ સ્પર્ધામાં ભાગ લેશે

## માર્ચ માસનું પાઠ આયોજન
## ૧૮. એકલો જાને રે...

**અધ્યયન નિષ્પતિ :**

G6.2.3 વિગતોને જરૂરિયાત અનુસાર પ્રયોજે છે.

G6.2.1 જરૂરી વિગતો શોધે છે.

G6.8.3 લયાત્મક કાવ્યગાન કરે છે.

G6.3.5 સામગ્રી અંગે પૃચ્છા કરે છે.

G6.5.7 સામગ્રીમાંથી ભાષાસંરચનાની ક્ષતિઓ શોધી, સુધારી સામગ્રીનું પુનઃલેખન કરે છે.

G6.1.1 વાક્યો, પરિચ્છેદનું સુ-શ્રુતલેખન (સારા અક્ષરથી શ્રુતલેખન) કરે છે.

G6.5.6 વ્યક્તિવાચક, સમૂહવાચક, જાતિવાચક, દ્રવ્યવાચક અને ભાવવાચક નામ ઓળખાવે અને માગ્યા પ્રમાણે ઉપયોગ કરે છે.

G6.8.7 મનોશારીરિક ક્રિયાઓ વડે મસ્તિષ્ક વિકાસ (બ્રેઇન ડેવલપમેન્ટ) ની પ્રવૃત્તિ કરે.

G6.6.8 શબ્દભંડોળ સમૃદ્ધ કરવાની રમતો (શબ્દ ચાવી, શબ્દચોકઠાં, શબ્દચિત્ર, રાશિ પરથી નામ બનાવવાં વગેરે) રમે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

- ‘રવિન્દ્રનાથ ટાગોર’ની માહિતી

-કાવ્યગાન

- સમૂહમાં અને વ્યક્તિગત કવિતાનું ગાન

- શબ્દાર્થ ચર્ચા

-વાતચીત આધારિત પ્રશ્નોની સમજ

- કાવ્યમાં કહેવાયું હોય તો √ કરો અને ન કહેવાયું હોય તો X ની નિશાની કરવી

- વાક્ય વાંચી શબ્દનો અર્થ ધારી સાચા લાગતા અર્થ સામે √ ની નિશાની કરવી

- વાક્યમાંથી જે વાક્યમાં શબ્દ સાચા અર્થમાં વપરાયો હોય તેની સામે √ ની નિશાની કરવી

- પ્રશ્નોના જવાબ લેખન

- કોષ્ટકમાંથી વ્યક્તિવાચક, સમૂહવાચક, જાતિવાચક સંજ્ઞા શોધશે

-‘અ’ વિભાગના વાક્યો ને આધારે શબ્દ જૂથ નો અર્થ શો થતો હશે તો ‘બ’ વિભાગમાંથી શોધીને લેખન

-‘રવીન્દ્રનાથ ટાગોર’ના સાહિત્ય અને જીવન વિશે માહિતી ભેગી કરતી પ્રવૃત્તિ

**શૈક્ષણિક સાધન :**

-પાઠ્ય પુસ્તક

-મોબાઈલ / પ્રોજેક્ટર

-સંદર્ભ પુસ્તક

-અંક બનવવા ચાર્ટ્સ/કાગળ

-સંગીતના સાધનો

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

- વિદ્યાર્થીઓને ‘એકલો જાને રે’ કાવ્યના કવિ ‘રવિન્દ્રનાથ ટાગોર’ની માહિતી આપીશ. આ કાવ્યમાં વિદ્યાર્થીઓને કવિએ એકલા જવાની હાકલ કરી છે. આ કાવ્ય મહાત્મા

ગાંધીજીને ઉદ્દેશીને પ્રસ્તુત કર્યું છે તેની વિધાર્થીઓને સમજ આપીશ. આ કાવ્યનું હાવભાવ સાથે ગાન કરાવીશ. વિધાર્થીઓ સાથે સમૂહમાં તેમજ વ્યક્તિગતગાન કરાવીશ. ત્યારબાદ શબ્દાર્થની ચર્ચા કરી વિધાર્થીઓને લખાવીશ. વાતચીત દ્વારા પ્રશ્નોના જવાબોની ચર્ચા કરી સમજાવીશ. કાવ્યમાં કહેવાયું હોય તો √ કરો અને ન કહેવાયું હોય તો X ની નિશાની કરાવીશ. પાઠ્યપુસ્તકમાં આપેલી ઘટનાઓ વાંચી આ ઘટના કાવ્યના કયા ભાગને લાગુ પડતી લાગે છે તે લખાવીશ. વાક્ય વાંચી શબ્દનો અર્થ ધારી સાચા લાગતા અર્થ સામે √ ની નિશાની કરાવીશ. શબ્દ અને તેનો અર્થ વાંચી આપેલા વાક્યમાંથી જે વાક્યમાં શબ્દ સાચા અર્થમાં વપરાયો હોય તેની સામે √ ની નિશાની કરાવીશ. પંક્તિઓમાં જે અર્થ તમને યોગ્ય લાગે તેની સામે √ ની નિશાની કરાવીશ. અભિમન્યુ માટે કઈ-કઈ પરિસ્થિતિઓ મુશ્કેલી ભરી હતી? તેની ચર્ચા કરાવીશ. પ્રશ્નોના જવાબની ચર્ચા કરી સમજ આપીશ. પાઠ્યપુસ્તકમાં આપેલા કોષ્ટકમાંથી વ્યક્તિવાચક, સમૂહવાચક, જાતિવાચક સંજ્ઞા શોધાવી લખાવીશ. પાઠ્યપુસ્તકમાં ઉદાહરણ જોઈ અને બીજા વાક્યોને એ મુજબ બનાવવાનું પ્રયત્ન કરી લખાવીશ. આડી અને ઊભી ચાવી વાંચી કોષ્ટક પ્રવુત્તિ કરાવીશ. 'અ' વિભાગના વાક્યો ને આધારે શબ્દ જૂથ નો અર્થ શો થતો હશે તો 'બ' વિભાગમાંથી શોધીને લખાવીશ. મીની અને પપ્પાની જે લાગણી દર્શાવી છે તેને લગતા શબ્દો શોધીને લખાવીશ. 'રવીન્દ્રનાથ ટાગોર'ના સાહિત્ય અને જીવન વિશે માહિતી મેળવી અંક તૈયાર કરવાની પ્રવૃત્તિ કરાવીશ.

**પ્રવૃતિ / પ્રોજેક્ટ / પ્રયોગ :**

- આડી અને ઊભી ચાવી વાંચી કોષ્ટક પ્રવુત્તિ
-'રવીન્દ્રનાથ ટાગોર'ના સાહિત્ય અને જીવન વિશે માહિતી મેળવી અંક તૈયાર કરવાની પ્રવૃત્તિ

**મૂલ્યાંકન :**

-કાવ્ય કંઠસ્થ કરો.
-શબ્દાર્થ લેખન કરશે
-વાતચીત ની પ્રશ્નોત્તરી લખવી

- કાવ્યમાં કહેવાયું હોય તો √ કરો અને ન કહેવાયું હોય તો X ની નિશાની કરીશ
- વાક્ય વાંચી શબ્દનો અર્થ ધારી સાચા લાગતા અર્થ સામે √ ની નિશાની કરીશ
- વાક્યમાંથી જે વાક્યમાં શબ્દ સાચા અર્થમાં વપરાયો હોય તેની સામે √ ની નિશાની કરીશ
- પ્રશ્નોના જવાબ લખશે
- કોષ્ટકમાંથી વ્યક્તિવાચક, સમૂહવાચક, જાતિવાચક સંજ્ઞા શોધી લખશે
-'અ' વિભાગના વાક્યો ને આધારે શબ્દ જૂથ નો અર્થ શો થતો હશે તો 'બ' વિભાગમાંથી શોધીને લખશે
-'રવીન્દ્રનાથ ટાગોર'ના સાહિત્ય અને જીવન વિશે માહિતી ભેગી કરશે

**માર્ચ માસનું પાઠ આયોજન**
**૧૯. કોઈ દેખાડો !**

**અધ્યયન નિષ્પતિ :**

G6.2.3 વિગતોને જરૂરિયાત અનુસાર પ્રયોજે છે.
G6.8.3 લયાત્મક કાવ્યગાન કરે છે.
G6.8.2 પઠન તથા ગાન માટે શ્વાસનિયમન કરે છે.
G6.6.3 શબ્દનું રૂપાંતર કરી અન્ય શબ્દ બનાવે.
G6.3.5 સામગ્રી અંગે પૃચ્છા કરે છે.
G6.4.3 ગધ /પધ/દૃશ્યાત્મક સામગ્રીને આધારે રજૂઆત કરે છે.
G6.1.1 વાક્યો, પરિચ્છેદનું સુ-શ્રુતલેખન (સારા અક્ષરથી શ્રુતલેખન) કરે છે.
G6.6.7 પારિભાષિક શબ્દોના અર્થ સંદર્ભના આધારે ઓળખે અને તારવે છે.
G6.5.4 સંયોજકોનો યોગ્ય-અયોગ્ય ઉપયોગ ઓળખાવે અને વાક્યમાં પ્રયોજે છે.
G6.5.7 સામગ્રીમાંથી ભાષાસંરચનાની ક્ષતિઓ શોધી, સુધારી સામગ્રીનું પુનઃલેખન કરે છે.
G6.8.7 મનોશારીરિક ક્રિયાઓ વડે મસ્તિષ્ક વિકાસ (બ્રેઇન ડેવલપમેન્ટ) ની પ્રવૃત્તિ કરે.

**શૈક્ષણિક મુદ્દા :**

-કાવ્ય કંઠસ્થ કરવી
-શબ્દાર્થ લેખન

- સમૂહમાં અને વ્યક્તિગત કવિતાનું ગાન
-વાતચીત ની પ્રશ્નોત્તરી
- કાવ્ય પંક્તિને ઉદાહરણ મુજબ ગદ્ય સ્વરૂપે લેખન
- પાઠ્યપુસ્તકમાં આપેલા શબ્દોના પ્રાસવાળા શબ્દો કાવ્યમાંથી શોધવું
-અયોગ્ય શબ્દને સ્થાને યોગ્ય શબ્દ લખી ફકરાનું લેખન
- વાક્યમાં ફોટા શબ્દ ફરતે O કરો અને તે શબ્દ સુધારીને ફરીથી લેખન
- લગ્નગીતોનો અંક તૈયાર કરવાની પ્રવૃત્તિ
- લગ્નગીતો ગવડાવવાની પ્રવૃત્તિ
-પ્રશ્નોના જવાબનું લેખન

**શૈક્ષણિક સાધન :**

-પાઠ્ય પુસ્તક
-મોબાઈલ / પ્રોજેક્ટર
-લગ્નગીતનું પુસ્તક
-સંગીતના સાધનો

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

- વિદ્યાર્થીઓને 'કોઇ દેખાડો !' લોકગીત માં કૃષ્ણ માટે આતુર ગોપી વાન ભૂલીને દોડે છે પરંતુ કૃષ્ણ એને ક્યાંય મળતા નથી આ કાવ્યની યોગ્ય હાવ-ભાવ સાથે ગાન કરાવીશ. વિદ્યાર્થીઓ આ કાવ્યનું સમૂહમાં તેમજ વ્યક્તિગત ગાન કરાવીશ. ત્યારબાદ શબ્દાર્થની ચર્ચા કરી તેને લખાવીશ. વાતચીતના આધારે પ્રશ્નોના જવાબની ચર્ચા કરી સમજ આપીશ. કાવ્ય પંક્તિને ઉદાહરણ મુજબ ગદ્ય સ્વરૂપે શોધી લખાવીશ. પાઠ્યપુસ્તકમાં આપેલ વાક્યને વાંચીને એને અનુરૂપ કાવ્ય પંક્તિ કાવ્યને આધારે લખાવીશ. પાઠ્યપુસ્તકમાં આપેલા શબ્દોના પ્રાસવાળા શબ્દો કાવ્યમાંથી શોધીને લખાવીશ. અયોગ્ય શબ્દને સ્થાને યોગ્ય શબ્દ લખી ફકરો ફરીથી લખાવીશ. વાક્યમાં ફોટા શબ્દ ફરતે O કરો અને તે શબ્દ સુધારીને ફરીથી લખાવીશ. લગ્નગીતો શોધીને તેનો અંક તૈયાર કરવાની પ્રવૃત્તિ કરાવીશ. પોતાના ગામમાં સારા લગ્નગીતો ગાતી વ્યક્તિને બોલાવી લગ્નગીતો ગવડાવવાની પ્રવૃત્તિ કરાવીશ.

**પ્રવૃતિ / પ્રોજેક્ટ / પ્રયોગ :**

- લગ્નગીતોનો અંક બનાવવો
- લગ્નગીતો ગવડાવવાની પ્રવૃત્તિ

**મૂલ્યાંકન :**

-કાવ્ય કંઠસ્થ કરો.
-શબ્દાર્થ લેખન કરશે
-વાતચીત ની પ્રશ્નોત્તરી લખવી

- કાવ્ય પંક્તિને ઉદાહરણ મુજબ ગદ્ય સ્વરૂપે શોધી લખાવીશ
- પાઠ્યપુસ્તકમાં આપેલા શબ્દોના પ્રાસવાળા શબ્દો કાવ્યમાંથી શોધીને લખાવીશ
-. અયોગ્ય શબ્દને સ્થાને યોગ્ય શબ્દ લખી ફકરો ફરીથી લખશે
- વાક્યમાં ફોટા શબ્દ ફરતે O કરો અને તે શબ્દ સુધારીને ફરીથી લખશે
- લગ્નગીતો શોધીને તેનો અંક તૈયાર કરવાની પ્રવૃત્તિ કરશે
-પ્રશ્નોના જવાબ લખવા